#046

😃…તો રાત્રે ઊંઘ આવશે 😴

મિત્રો,
ઝડપી સફળતા ઘણા લોકો ને મળે છે… પણ લાંબા સમય સુધી ટકતી સફળતા?
એ માત્ર ઈમાનદારીથી મળે છે.

વિચાર કરો –
Mahatma Gandhi પાસે ન પૈસા હતા, ન સત્તા… પણ સત્ય અને ઈમાનદારી હતી.
આજે આખી દુનિયા તેમને યાદ કરે છે.

Lal Bahadur Shastri – દેશના વડાપ્રધાન હોવા છતાં પણ વ્યક્તિગત જીવનમાં અદ્ભુત સાદગી અને ઈમાનદારી જેવા ગુણો હતા.
તેમની વિશ્વસનીયતા આજે પણ પ્રેરણા આપે છે.

ઈમાનદારીનો રસ્તો ક્યારેક મુશ્કેલ લાગે…
પરંતુ એ રસ્તો આપણને નિર્ભય બનાવે છે.
રાતે શાંતિથી ઊંઘ આવે છે.
લોકો આપણું નામ વિશ્વાસથી લે છે.

મિત્રો યાદ રાખીએ—
પૈસા, પદ અને પ્રસિદ્ધિ સમય સાથે બદલાય છે, આજે ઓછું કાલે વધારે, આજે વધારે, કાલે ન પણ હોય,
પણ ઈમાનદારીથી કમાયેલું માન ક્યારેય ઓછું થતું નથી.

આજે નક્કી કરીએ—
ઝડપી નહીં, સાચી સફળતા ઈચ્છીએ.
અને સાચી સફળતા નો રસ્તો છે — ઈમાનદારી.

કારણ કે ઈમાનદારી માત્ર ગુણ નથી…
એ જીવનભરની Brand છે.